**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**ગુરુવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૮થી ૩૩૦ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે સમિતિનો પાંચમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૩. બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય.’’

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ, સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરના અનુમોદનથી તા.૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.
રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

ત્યારબાદ સભ્યશ્રી ડો. અનિલ જોષીયારા, શ્રી પુંજાભાઇ વંશ, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રી બાબુભાઇ વાજા, શ્રી હર્ષદકુમાર રીબડીયા, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી ભાવેશભાઇ કટારા, શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી અક્ષયકુમાર પટેલ, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી જશપાલસિંહ પઢિયાર, શ્રી અશ્વિનભાઇ કોટવાલ, શ્રી શીવાભાઇ ભુરીયા, શ્રી બ્રિજેશ મેરજા, ડો.સી.જે.ચાવડા, શ્રી કાન્તિભાઇ પરમાર, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા, શ્રી લલીત વસોયા અને શ્રી કીરીટકુમાર પટેલે પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૨) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી જગદીશ વિશ્વકર્મા
(૫) ડો.સી.જે.ચાવડા (પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી ડો.સી.જે.ચાવડાએ વિરામ પહેલાંનું તેમનું વક્તવ્ય પૂરું કર્યું. ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી ઋષિકેશ પટેલ
(૭) શ્રી બ્રિજેશ મેરજા
(૮) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૯) શ્રી લલીતભાઇ કગથરા
(૧૦) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૧) ડો. કીરીટકુમાર પટેલ
(૧૨) શ્રી મોહનભાઇ ઢોડિયા
(૧૩) શ્રી નૌશાદ સોલંકી
(૧૪) શ્રી જીતેન્દ્ર સુખડીયા
(૧૫) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૧૬) શ્રી આનંદભાઇ ચૌધરી
(૧૭) શ્રી અરવિંદભાઇ પટેલ
(૧૮) શ્રી પુનાભાઇ ગામીત
(૧૯) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૨૦) શ્રી પ્રદિપસિંહ જાડેજા (માનનીય રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી)

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૩૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૧ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૨થી ૩૩૭ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોત્તરીના જવાબમાં વિસંગતતા અંગે**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે આજ તા.૨૭–૦૨–૨૦૨૦ની બીજી બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૭૪ અને તા.૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૧૬૪ના માનનીય સભ્યશ્રીઓએ પૂછેલા એક સરખા પ્રશ્નોના જવાબોમાં વિસંગતતા હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ બાબતે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાનું જણાવ્યું.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ૧૫–૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

**૪. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ, સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરના અનુમોદનથી તા.૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી પૂર્ણેશ મોદી
(૨) ડો.અનિલ જોષીયારા
(૩) શ્રી કિશોર ચૌહાણ
(૪) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૫) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૬) શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા
(૭) શ્રી રમણભાઇ પટેલ
(૮) શ્રી સુખરામભાઇ રાઠવા (પ્રવચન અધૂરું)

**(વિરામ સાંજના ૫–૩૦ થી ૬–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી સુખરામભાઇ રાઠવાએ વિરામ પહેલાંનું તેમનું અધૂરું રહેલ વકતવ્ય પૂરું કર્યું.

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી રમેશભાઇ કટારા
(૧૦) શ્રી લલીત વસોયા
(૧૧) શ્રી હિતુ કનોડીયા
(૧૨) શ્રી શીવાભાઇ ભુરીયા
(૧૩) શ્રી જગદીશભાઇ પટેલ
(૧૪) શ્રી આર.સી.ફળદુ (માનનીય કૃષિ મંત્રીશ્રી)

**૫. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાનું બિન–સરકારી વિધેયક**

(૧)સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૦નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

૧. સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે ‘‘સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૮નું ગુજરાત સહકારી મંડળી(સુધારા) બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧)શ્રી બાબુભાઇ પટેલ
(૨) શ્રી જશુભાઇ પટેલ
(૩) શ્રી ગોવિંદભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

૨. સભ્યશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ''સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૮નું પોળ અને અન્ય હેરીટેજ બિલ્ડીંગનું સંચાલન (વાણિજ્યક ઉપયોગ પર નિયંત્રણ) અને હેરીટેજ સ્ટ્રક્ચરની જાળવણી વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હિમંતસિંહ પટેલ

(૨) શ્રી અરવિંદભાઇ પટેલ

(૩) શ્રી ઈમરાન ખેડાવાલા

(૪) શ્રી જીતેન્દ્ર સુખડીયા

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના(સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

૩. સભ્ય શ્રીમતી મનિષાબેન વકીલે ''સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૮નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. કીરીટકુમાર પટેલ

(૨) શ્રી કુબેરભાઇ ડીંડોર

(૩) શ્રી બ્રિજેશ મેરજા

માનનીય અધ્યક્ષશ્રીએ પણ ચર્ચામાં ભાગ લઇ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ), સિવિલ જજ(સિનિયર ડિવિઝન અને જુનિયર ડિવિઝન), સેશન્સ કોર્ટમાં પણ હાઇકોર્ટની સૂચના અનુસાર શક્ય હોય ત્યાં સુધી ગુજરાતીમાં ચૂકાદા આપવાનો ઉલ્લેખ કરી ગુજરાતી ભાષાની મધુરતાના થોડાક ઉદાહરણો આપ્યા.

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના(સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

**સભાગૃહ , શુક્રવાર, તા.૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૯.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**